પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 03-05-2025 Evening : 7.10 to 7.20 pm

Day : Saturday Regional News

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર રીટા દવે વાંચે છે.

---

- રાજ્યમાં ગેરકાયદેસર રહેતા વિદેશી ઘુસણખોરોને શોધવાની કાર્યવાહી પૂરજોશમાં શરૂ – અમદાવાદમાંથી અત્યારસુધી 212 બાંગ્લાદેશી પકડાયા
- મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે UPSC માં પાસ થયેલા વિદ્યાર્થીઓને ફરજ દરમિયાન સામાન્ય માણસને મદદરૂપ થવા હાકલ કરી
- રાજ્યની એક હજાર 700 થી વધુ શાળાઓને આધુનિક ટેક્નોલોજીથી સજ્જ બનાવવાનો રાજ્ય સરકારનો નિર્ણય
- ઉનાળાની રજાઓમાં એસટી નિગમ દ્વારા રાજ્યોનાં મોટા શહેરો, પ્રવાસન સ્થળો માટે 1 હજાર 400 થી વધુ બસો દોડાવવાનું આયોજન
- સુમુલ ડેરીએ પશુપાલકો માટે દૂધનાં ખરીદ ભાવમાં વધારો કર્યો
- આજથી 8 મે દરમિયાન રાજ્યમાં અનેક સ્થળોએ ભારે પવન સાથે માવઠાની આગાહી

------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

CHANDOLA LAKE CP VISIT

રાજ્યમાં ગેરકાયદેસર રહેતા વિદેશી ઘુસણખોરોને શોધવાની કાર્યવાહીનાં ભાગ રૂપે અમદાવાદમાંથી અત્યાર સુધી 212 બાંગ્લાદેશી પકડવામા આવ્યા છે.

ચંડોળા તળાવની આસપાસ ગેરકાયદેસર બાંધકામો તોડવા માટે ત્રણ દિવસની ઝૂંબેશ બાદ સ્થિતિનો તાગ મેળવવા પોલિસ કમિશનર અને અમદાવાદ મ્યુનિસિપલ કમિશનરે આજે ઘટના સ્થળની મુલાકાત લીધી હતી. શ્રી મલિકે પત્રકારો સાથેની વાતચીતમાં આ અંગે વધુ માહિતી આપીઃ

(BYTE - G S MALIK CHANDOLA)

બાંગલાદેશીઓની અટકાયત બાદ ગુપ્તચર બ્યુરો આ કેસમાં તપાસ કરીને રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારને અહેવાલ સોંપશે, ત્યારબાદ તેમનાં પ્રત્યાર્પણની કાર્યવાહી કરવામાં આવશે. પોલિસ કમિશનરે જણાવ્યું કે ડિમોલિશનનો પ્રથમ તબક્કો પૂર્ણ થયો છે અને બીજા તબક્કાનાં ડિમોલેશન માટે ચર્ચા ચાલી રહી છે.

ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર ભરત પરમારે જણાવ્યું કે ચંડોળા તળાવાની આસપાસમાં અત્યાર સુધી 4 હજાર મકાન દૂર કરવામાં આવ્યા છે અને દોઢ લાખ ચોરસ મીટર જમીન ખુલ્લી કરાઇ છે.

. . . . . . . . . . . .

CHANDOLA LAKE LALLA PATHAN

અમદાવાદની સ્થાનિક અદાલતે ચંડોળા તળાવ ગેરકાયદેસર બાંધકામ કેસમાં મુખ્ય આરોપી મહેમૂદ ઉર્ફે લલ્લા પઠાણનાં છ દિવસનાં રીમાન્ડ મંજૂર કર્યા છે. ગુનાશાખાએ આજે આરોપીને સેશન્સ કોર્ટમાં રજૂ કર્યો હતો.

સરકારી વકીલે આ કેસની ગંભીરતાને ટાંકીને આરોપીની વિગતવાર પૂછપરછ કરવાની હોવાથી 14 દિવસનાં રિમાન્ડ માંગ્યા હતા. આરોપીનાં વકીલે રિમાન્ડ આપવા વિરુદ્ધ દલીલો કરી હતી.

અદાલતે બંને પક્ષોની દલીલો સાંભળીને આરોપીના છ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતાં.

. . . . . . . . . . . .

RAJKOT PAKISTANI

પહેલગામમાં પર્યટકો પર ત્રાસવાદીઓએ હુમલાને પગલે રાજ્યમાં ગેરકાયદેસર વસતા બાંગ્લાદેશી અને પાકિસ્તાની નાગરિકોને શોધવાની કાર્યવાહી ચાલી રહી છે.

આજે રાજકોટ જિલ્લાના લોધિકા તાલુકામાંથી ત્રણ પાકિસ્તાની નાગરિક પકડાયા છે. આ ત્રણ પાકિસ્તાની નાગરિકો આશરે 20 વર્ષ પહેલા ભારતમાં આવ્યા હતા અને ત્યારથી પાકિસ્તાન પરત નથી ગયા. સ્થાનિક ગુના શાખાની ટીમે એક મહિલા, એક યુવાન અને એક સગીરની અટકાયત કરી છે. આરોપીઓને અત્યાર સુધી કોણે આશરો આપ્યો હતો અને તેઓ કોઈ ગુનાઇત પ્રવૃત્તિમાં સંડોવાયેલા છે કે નહીં તેની તપાસ હાલ ચાલી રહી છે. જોકે પોલીસે આ વિષે હજુ સત્તાવાર માહિતી નથી આપી.

. . . . . . . . . . .

CM SPIPA

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે યુપીએસસીમાં પાસ થયેલા વિદ્યાર્થીઓને જાહેર વહીવટ ક્ષેત્રે પોતાની ફરજ દરમિયાન સામાન્ય માણસને મદદરૂપ થવાનો અભિગમ કેળવવા હાકલ કરી હતી.

આજે અમદાવાદમાં સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા- SPIPA ખાતે યુપીએસસી સિવિલ સર્વિસ પરીક્ષામાં સફળ થયેલા તાલીમાર્થીઓનાં સન્માન સમારોહમાં શ્રી પટેલે વિદ્યાર્થીઓને તેમની ક્ષમતાઓ પર વિશ્વાસ રાખીને ટેકનોલોજીના મહત્તમ ઉપયોગ કરવા જણાવ્યું હતું.

(BYTE - CM SPIPA)

ઉલ્લેખનીય છે કે યુપીએસસી સિવિલ સર્વિસ પરીક્ષામાં રાજ્યએ અત્યાર સુધીનું સર્વશ્રેષ્ઠ પરિણામ પ્રાપ્ત કર્યું છે. સ્પીપા ખાતે તાલીમ મેળવીને 2024માં 26 તાલીમાર્થીઓ પાસ થયા છે.

. . . . . . . . . . .

SMART SCHOOL-PRAFULL PANSHERIYA

રાજ્યની એક હજાર 700 થી વધુ શાળાઓને આધુનિક ટેક્નોલોજી યુક્ત બનાવવાનો રાજ્ય સરકારે મહત્વનો નિર્ણય કર્યો છે.

શિક્ષણ રાજ્યમંત્રી પ્રફુલ પાનશેરીયા એ જણાવ્યું છે કે ગુણવત્તાયુક્ત શિક્ષણ તરફની પહેલના ભાગરૂપે આ નિર્ણય લેવાયો છે.

જે અંતર્ગત રાજ્યની 515 અનુદાનિત પ્રા.શાળાઓ અને ૯૦ થી ઓછા વિદ્યાર્થીઓ ધરાવતી એક હજાર 212 અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓને સ્માર્ટ ક્લાસરૂમ, કોમ્પ્યુટર લેબ જેવી ડિજીટલ માળાખાકીય સુવિધાઓ પૂરી પાડવા મંજૂરી અપાઈ છે. શિક્ષણમંત્રીએ વધુમાં આ મુજબ જણાવ્યું...

(બાઇટ- પ્રફુલ્લ પાનશેરિયા,, શિક્ષણમંત્રી)

. . . . . . . . . . .

MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

TALUKA PANCHAYAT OFFICE INAUGRATION-CHHOTA UDEPUR

છોટા ઉદેપુરની નવનિર્મિત તાલુકાપંચાયત કચેરીનું આજે કૃષિ રાજ્ય મંત્રી બચુભાઈ ખાબડના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું. 2 કરોડથી વધુના ખર્ચે તૈયાર

થનાર આ તાલુકા પંચાયત કચેરી થકી છોટાઉદેપુર તાલુકાના 2 લાખથી વધુ વસ્તી ધરાવતા 51 ગ્રામ પંચાયત હેઠળના 145 ગામોના વિકાસલક્ષી કામોને વેગ મળશે.

આધુનિક સુવિધાથી સજ્જ થનાર આ કચેરી ગ્રામજનોને રેઈન વોટર હારવેસ્ટીંગ, આંતરીક સી.સી. રોડ, બોરવેલ, વિગેરે જેવી માળખાકીય સુવિધાઓ મેળવવામાં મદદરૂપ બનશે.

. . . . . . . . . . . .

ST SUMMER BUS EVENING

ઉનાળાની રજાઓને ધ્યાનમાં રાખીને ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમ દ્વારા રાજ્યોનાં મોટા શહેરો, પ્રવાસન સ્થળો અને રાજસ્થાન, મહારાષ્ટ્ર માટે વધારાની બસો દોડાવવામાં આવી રહી છે.

આ અંગે સાંભળીએ એક અહેવાલ

(VOICE CAST ANIL PATEL)

*(એસ.ટી.નિગમ દ્વારા રાજ્યના મુખ્ય શહેરોને જોડતી દૈનિક ૧૪૦૦થી વધુ એક્સ્ટ્રા એક્સપ્રેસ બસોની સુવિધા કરાઇ છે. સુરતથી સૌરાષ્ટ્ર તરફની અંદાજે ૫૦૦ ટ્રીપ, સૌરાષ્ટ્રથી ઉત્તર ગુજરાત માટે ૨૧૦, દક્ષિણ ગુજરાતથી ઉત્તર ગુજરાત તરફ ૩૦૦ અને સૌરાષ્ટ્ર તરફ ૩૦૦ જેટલી ટ્રીપનું આયોજન કરવામાં આવ્યું છે.*

*અમદાવાદથી અંબાજી, સોમનાથ અને દ્વારકા માટે રોજની ૧૦ બસો, ડાકોર, પાવાગઢ, ગીરનાર માટે રોજની પાંચ, સ્ટેચ્યુ ઓફ યુનિટી, સાસણગીર અને સાપુતારા જેવા પ્રવાસન સ્થળો માટે રોજની પાંચ તેમજ દીવ અને કચ્છનાં પ્રવાસ માટે રોજની ૧૦ બસો દોડાવવાનું આયોજન છે.*

*આ ઉપરાંત રાજસ્થાનના માઉન્ટ આબુ અને સુન્ધામાતા જવા માટે અમદાવાદથી રોજની બે તેમજ મહારાષ્ટ્રના શિરડી, નાશિક, ધુલીયા માટે અમદાવાદના ગીતા મંદિરેથી રોજની બે ટ્રીપ દોડાવવામાં આવશે.*

*સમાચાર વિભાગથી અનિલ પટેલ, આકાશવાણી, અમદાવાદ)*

---------------------

SUMUL SURAT MILK PRICE

દક્ષિણ ગુજરાતની અગ્રણી દૂધ ઉત્પાદક સહકારી મંડળી સુમુલે પશુપાલકો માટે દૂધનાં ભાવમાં વધારો કર્યો છે. સુમુલ ડેરીનાં ચેરમેન માનસિંગ પટેલે આ જાહેરાત કરતા જણાવ્યું કે, ભેંસ અને ગાયના દૂધમાં પ્રતિ કિલો ફેટ ૨૦ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે.

ભેંસના દૂધના ભાવ કિલો ફેટ દીઠ ૮૫૦ રૂપિયાથી વધારીને ૮૭૦ રૂપિયા, જ્યારે ગાયના દૂધનો ભાવ કિલો ફેટનાં ૮૧૦થી વધારીને ૮૩૦ રૂપિયા કરવામાં આવ્યા છે.

આ નિર્ણયથી સુરત અને તાપી જિલ્લાના અઢી લાખ પશુપાલકોને વાર્ષિક સિત્તેર કરોડ રૂપિયાનો ફાયદો થશે.

સુમુલ ડેરીના ડાયરેક્ટર જયેશ પટેલે વધુ માહિતી આપી.

(BYTE - JAYESH PATEL SUMUL)

. . . . . . . . . . . .

ACCIDENT - 5 DEATH

રાજ્યમાં થયેલા બે અલગ અલગ માર્ગ અકસ્માતમાં કુલ પાંચ લોકોના મૃત્યુ થયા છે.

સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા - અંબાજી હાઈવે પર બસ, જીપ અને બાઇક વચ્ચે ટ્રિપલ અક્સમાત સર્જાતાં એક બાળકી સહિત ચાર લોકોના મોત નિપજ્યાં હતાં. જ્યારે નવ લોકો ઘાયલ થતાં તેમને તાત્કાલિક સારવાર માટે ખસેડવામાં આવ્યા હતાં.

બીજી તરફ જૂનાગઢના કેશોદ ફાગળી રોડ પર બાઈક અને ડમ્પર વચ્ચે અકસ્માત સર્જાતા એક આધેડ ઉમરના બાઈક ચાલકનું ઘટના સ્થળે મોત નીપજ્યું હતું. પોલિસે અકસ્માત અંગે વધુ તપાસ હાથ ધરી છે.

. . . . . . . . . . . .

WEATHER

હવામાન વિભાગે આજથી 8 મે દરમિયાન રાજ્યમાં અનેક સ્થળોએ ભારે પવન સાથે માવઠાની આગાહી કરી છે. પરિણામે આવનારા 5 દિવસમાં મહત્તમ તાપમાનમાં 2 થી 4 ડિગ્રી જેટલો ઘટાડો થશે. પવનની ઝડપ 30 થી 50 કિલોમીટર પ્રતિ કલાક રહેવાની શક્યતાઓ છે. આવતીકાલે કચ્છ, બનાસકાંઠા, સાબરકાંઠા, પાટણ, મહેસાણા, અરવલ્લી, મહીસાગર, દાહોદ, પંચમહાલ, વડોદરા, છોટાઉદેપુર, દીવ, ગીરસોમનાથ, અમરેલી, ભાવનગરમાં  ગાજવીજ સાથે છૂટાછવાયા વરસાદની આગાહી કરવામાં આવી છે.

છેલ્લા 24 કલાક દરમિયાન રાજ્યમાં રાજકોટ ખાતે 44 ડિગ્રી સેલ્સિયસ, કંડલા એરપોર્ટ, સુરેન્દ્રનગર, અમરેલી, અમદાવાદ, ડીસા, ગાંધીનગર ખાતે મહત્તમ તાપમાન 43 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

. . . . . . . . . . . .

EARTHQUAKE-BANASKANTHA

બનાસકાંઠા જિલ્લાના વાવ તાલુકામાં આજે વહેલી સવારે 3.30 કલાકે ભૂકંપનો આંચકો અનુભવાયો. જેની તીવ્રતા 3.4ની નોંધાઈ હતી. વડગામડા આસપાસ કેન્દ્ર બિંદુ ધરાવતા ભૂકંપમાં કોઈ નુકસાન થયેલ નથી, તેમ બનાસકાંઠા ડિઝાસ્ટર મેનેજમેન્ટના અધિકારી સંજય ચૌહાણે જણાવ્યું હતું.

. . . . . . . . . . . .